## સંક્ષિપ્ત સમાચાર

### પાટીદાર સમાજ દ્વારા લગ્નજીવનનાં 50 વર્ષ વટાવી ચૂકેલા દંપતીનું સન્માન કરાયું



બારડોલી: બારડોલીના સુરત જિલ્લા લેઉવા પાટીદાર સમાજ દ્વારા વડીલો પ્રત્યે આદર અને કૃતજ્ઞતા વ્યક્ત કરતો એક પ્રેરણાદાયી અને ઐતિહાસિક કાર્યક્રમ સમાજની વાડી ખાતે સંપન્ન થયો હતો. સમાજના જે દંપતીઓએ પોતાના સફળ લગ્નજીવનના ૫૦ કે તેથી વધુ વર્ષો પૂર્ણ કર્યા છે, તેમના સન્માન અર્થે લક્ષ્મી નારાયણ યજ્ઞનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. બારડોલી સ્થિત ધુલિયા રોડ પર આવેલા 'રામ રતન ભવન સાંસ્કૃતિક સંસ્કાર ક્ષેત્ર' ખાતે યોજાયેલા આ માંગલિક પ્રસંગમાં સમાજના સંસ્કાર અને એકતાના દર્શન થયાં હતાં. ગત ૧૮ ફેબ્રુઆરીએ આયોજિત આ કાર્યક્રમમાં કુલ ૨૦ પૂજનીય દંપતીએ યજ્ઞમાં બેસીને આહુતિ આપી હતી. આ પ્રસંગે દાતાઓ દ્વારા સમાજના ઉત્કર્ષ માટે ૪ લાખ રૂપિયાનું માતબર દાન પણ પ્રાપ્ત થયું હતું. સમગ્ર કાર્યક્રમનું કુશળ સંચાલન સમાજના ઉપપ્રમુખ કિરીટભાઈ પટેલ (ખરવાસા) દ્વારા કરવામાં આવ્યું હતું.

### વાવમાં મહિલાને ચપ્પુ બતાવી દોઢ તોલાની સોનાની ચેઈન લૂંટનાર પકડાયો

કામરેજ: વાવ ગામે આવેલા કરુણેશ્વર પાર્કમાં રહેતાં કિરણબેન ડોડિયા ઘરે એકલાં હતાં, ત્યારે બાથરૂમમાં છુપાયેલા એક અજાણ્યા શખ્સે ચપ્પુ બતાવી જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી. લુંટારુ મહિલાના ગળામાંથી રૂ. 45,000ની કિંમતની દોઢ તોલાની સોનાની ચેઈન ઝૂંટવી ફરાર થઈ ગયો હતો. આ બનાવમાં કામરેજ પોલીસે બાતમીના આધારે વોચ ગોઠવી વિકાસ અરવિંદ ભલાણી (રહે.,55,મારુતિનંદન રો હાઉસ, કઠોદરા, મૂળ-ભાવનગર) ને સોનાની ચેઈન સાથે ઝડપી પાડ્યો હતો. તપાસમાં સામે આવ્યું કે, પકડાયેલો આરોપી અગાઉ ભોગ બનનાર મહિલાની સોસાયટીમાં જ રહેતો હતો, જેથી તે પરિવારથી પરિચિત હતો. પોલીસે મુદ્દામાલ જપ્ત કરી કાર્યવાહી હાથ ધરી છે.

### સોનગઢ પાસે પશુઓ ભરેલું કન્ટેનર ઝડપાયું

સોનગઢ: સોનગઢમાં માંડળ ટોલનાકા પાસેથી પોલીસે ક્રૂરતાપૂર્વક લઈ જવાતી ૧૮ ભેંસને મુક્ત કરાવી કુલ રૂ.૧૨.૬૦ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. તા.૧૭મીના રોજ વ્યારાથી સોનગઢ તરફ આવતા એક અશોક લેલન કન્ટેનર નં.(જીજે/૧૮/એડબ્લ્યુ/૮૬૯૨)ને અટકાવી તપાસ કરતાં તેમાંથી ૧૮ ભેંસ મળી આવી હતી. પોલીસ તપાસમાં બહાર આવ્યું હતું કે, આ પશુઓને આણંદથી મહારાષ્ટ્રના માલેગાંવ વેચવા માટે લઈ જવાતાં હતાં. આ મામલે પોલીસે કન્ટેનર રૂ.૯ લાખ અને પશુઓ રૂ.૩.૬૦ લાખ મળી કુલ રૂ.૧૨.૬૦ લાખનો મુદ્દામાલ કબજે કર્યો હતો. પોલીસે સિદ્ધપુરના ડ્રાઈવર મહમદ આરીફ સિંધી અને ક્લીનર હસનખાન નાગોરીની ધરપકડ કરી છે, જ્યારે કન્ટેનર માલિક નબી રસુલ શેખ (રહે.,ભાલેજ)ને વોન્ટેડ જાહેર કર્યો હતો.

### ડેડિયાપાડાના TDOની સાયલા ખાતે બદલી

ડેડિયાપાડા, ભરૂચ: ડેડિયાપાડા તાલુકાના વિવાદિત ટીડીઓ જગદીશકુમાર અજયકુમાર સોનીની તાત્કાલિક અસરથી બદલી કરવામાં આવી છે. તંત્ર દ્વારા જાહેર કરવામાં આવેલા હુકમ અનુસાર તેમને સુરેન્દ્રનગરના સાયલા ખાતે ટીડીઓ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. વહીવટી તંત્ર દ્વારા આ બદલીને 'જાહેરહિત' માટે કરવામાં આવેલી કામગીરી ગણાવાઈ છે, પરંતુ સ્થાનિક વર્તુળોમાં આ બદલી પાછળ જગદીશ સોનીનો વિવાદાસ્પદ કાર્યકાળ મુખ્ય કારણ હોવાનું ચર્ચાઈ રહ્યું છે. તેમની પત્ની પ્રિયંકાએ જગદીશ સોની અને તેમના પરિવાર સામે 50 લાખ રૂપિયાના દહેજની માંગણી, શારીરિક અને માનસિક ત્રાસ તેમજ ગંભીર આરોપો સાથે ફરિયાદ નોંધાવી હતી. બીજી તરફ ચીકદા તાલુકો બન્યા બાદ હજુ સુધી TDOની જગ્યા ખાલી છે. તેમાં પણ હાલમાં ડેડિયાપાડાના TDOની જાહેર હિતમાં બદલી કરી દેવામાં આવી છે. ત્યારે ચીકદા સાથે ડેડિયાપાડા તાલુકામાં TDO વિનાની તાલુકા પંચાયત બની ગઈ છે.

### જંબુસર ST ડેપો મેનેજર સસ્પેન્ડ



ભરૂચ: જંબુસર ST ડેપો મેનેજર એન.સી. રાઠોડને ફરજ મોકૂફ (સસ્પેન્ડ)નો ઓર્ડર ફટકારી દેવામાં આવ્યો છે. તપાસમાં ડેપોમાં સીટ ડેમેજ અને સ્વચ્છતાનાં અભાવે અનેક બેદરકારીઓનાં કારણો સામે આવ્યાં હતાં. જેને લઈને ભરૂચ એસટી વિભાગના નિયામકે તેઓને સસ્પેન્ડ કરી રાજપીપળા ST ડેપો મેનેજર સમક્ષ હાજરી આપવાની રહેશે.

### નેત્રંગની સાંદિપની વિદ્યાલયમાં વાર્ષિકોત્સવ ઉજવાયો



પ્રદીપ ગુર્જર

નેત્રંગ: નેત્રંગ-ડેડિયાપાડા રોડ પર આવેલી શ્રી સાંદિપની વિદ્યાલય ખાતે તાજેતરમાં બેદિવસીય વાર્ષિકોત્સવ યોજાયો હતો. આ વર્ષે કાર્યક્રમની થિમ 'મણિકર્ણિકા' (રાણી લક્ષ્મીબાઈ) રાખવામાં આવી હતી, જેમાં વિદ્યાર્થીઓએ ભારે ઉત્સાહ સાથે વિવિધ સાંસ્કૃતિક કૃતિઓ રજૂ કરી હતી. આ પ્રસંગે પ્રથમ દિવસે તાલુકા પંચાયત પ્રમુખ વસુધાબેન વસાવા અને અન્ય મહાનુભાવો તેમજ બીજા દિવસે જિલ્લા પંચાયત સભ્ય વર્ષાબેન દેશમુખ, સરપંચ હરેન્દ્રસિંહ દેશમુખ અને PI આર.સી.વસાવાએ ખાસ ઉપસ્થિત રહી બાળકોને પ્રોત્સાહિત કર્યા હતા. શાળાના સંચાલક ઉપેન્દ્રભાઈ ગોહિલે તમામ મહેમાનો, વાલીઓ અને શિક્ષકગણનો આભાર માની વિદ્યાર્થીઓને બિરદાવ્યા હતા.

### કુકરમુંડામાં રક્તદાન શિબિર



કુકરમુંડા: કુકરમુંડા પ્રાથમિક શાળા ખાતે છત્રપતિ શિવાજી મહારાજ જન્મજયંતી નિમિત્તે હિન્દુ એકતા સમિતિ અને છત્રપતિ શિવાજી મહારાજ જન્મોત્સવ સમિતિ દ્વારા રક્તદાન શિબિર તથા મેડિકલ ચેકઅપ કેમ્પનું આયોજન કરાયું હતું. જેમાં ૫૭ યુનિટ રક્તદાન થયું હતું. સાથે મેડિકલ ચેકઅપ કેમ્પનો ૧૨૪ લોકોએ લાભ લીધો હતો. આ પ્રસંગે ભવ્ય શોભાયાત્રા પણ યોજાઈ હતી.

### ભરૂચમાં દારૂ સાથે એક ઝડપાયો

ભરૂચ: ભરૂચ એ-ડિવિઝન પોલીસે રેલવે ગોદી રોડ પરથી હિરલ વસાવા નામના શખ્સને 31 હજારના વિદેશી દારૂની 24 બોટલ સાથે ઝડપી પાડ્યો છે. આરોપી મુંબઈથી ટ્રેન મારફતે આ જથ્થો વેચાણ માટે લાવ્યો હતો. ઉલ્લેખનીય છે કે, હિરલ અગાઉ 2024માં પણ રેલવે ક્વાર્ટર્સ પાસે દારૂના સંગ્રહના ગુનામાં સંડોવાયેલો હતો.

### નેત્રંગ કોલેજ ખાતે સેમિનાર યોજાયો

નેત્રંગ: નેત્રંગની સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ ખાતે ગુજરાત સાહિત્ય અકાદમી ગાંધીનગરના સહયોગથી આચાર્ય ડો.જી.આર.પરમારના માર્ગદર્શન હેઠળ સાહિત્ય અને સમાજ વિષય પર એક દિવસીય રાષ્ટ્રીય પરિસંવાદ યોજાયો હતો. આ પ્રસંગે ડો.મધુકર પાડવી, કવિ સંજુ વાળા, ડો.એસ.એન.શર્મા સહિત અગ્રણીઓ હાજર રહ્યા હતા.

# જંબુસરમાં પીવાના પાણીમાં ગટરનું પાણી ભળતાં રોગચાળાની દહેશત

**કોન્ટ્રાક્ટરની** બેદરકારીથી લાઇનમાં ભંગાણનો આક્ષેપ

**પાલિકા** તંત્રની ઘોર બેદરકારી સામે ઉગ્ર આંદોલનની ચીમકી



ભરૂચ: જંબુસરના સરદાર નગર (નવી વસાહત) વિસ્તારમાં છેલ્લા 15 દિવસથી ચાલી રહેલું ગટર લાઈનનું કામ સ્થાનિક રહીશો માટે સુવિધાને બદલે આફત સમાન સાબિત થઈ રહ્યું છે. નવી ગટર લાઈનના ખોદકામ દરમિયાન કોન્ટ્રાક્ટરની ગંભીર બેદરકારી સામે આવી છે, જેમાં પીવાના પાણીની મુખ્ય પાઈપ લાઈનમાં ભંગાણ પડ્યું છે. આ ભંગાણને કારણે પીવાના શુદ્ધ પાણીમાં ગટરનું દૂષિત પાણી ભળી રહ્યું છે, જેના પરિણામે રહીશોના ઘરે છેલ્લા બે અઠવાડિયાથી અત્યંત દુર્ગંધયુક્ત અને કાદવમિશ્રિત પાણી આવી રહ્યું છે. વિકાસના નામે કરાયેલું આ ખોદકામ હવે સ્થાનિકોના સ્વાસ્થ્ય માટે મોટું જોખમ બની ગયું છે.

આ પ્રદૂષિત પાણીના વપરાશને કારણે સમગ્ર વિસ્તારમાં ટાઈફોઈડ, કોલેરા અને અન્ય જળજન્ય રોગચાળો ફાટી નીકળવાની દહેશત ફેલાઈ છે. ખાસ કરીને બાળકો અને વૃદ્ધોના આરોગ્યને લઈને પરિવારોમાં ફફડાટ જોવા મળી રહ્યો છે. સ્થાનિકોનો આક્ષેપ છે કે છેલ્લા 15 દિવસથી આ પરિસ્થિતિ હોવા છતાં પાલિકા તંત્ર કે સ્થાનિક કાઉન્સિલર દ્વારા કોઈ નક્કર પગલાં લેવામાં આવ્યાં નથી. તંત્રની આ મૌન ભૂમિકા અને નિષ્ક્રિયતા સામે રહીશોમાં ભારે આક્રોશ ફાટી નીકળ્યો છે. લોકો સવાલ કરી રહ્યા છે કે શું તંત્ર કોઈ મોટી હોનારત કે રોગચાળો ફાટી નીકળે તેની રાહ જોઈ રહ્યું છે?

સમસ્યાનું નિરાકરણ ન આવતાં અંતે કંટાળેલા રહીશો મોટી સંખ્યામાં પાલિકા કચેરીએ રજૂઆત કરવા પહોંચ્યા હતા. સ્થાનિકોએ લેખિતમાં ફરિયાદ કરી ચીમકી ઉચ્ચારી છે કે જો તાત્કાલિક ધોરણે પાઈપ લાઈનનું સમારકામ કરી શુદ્ધ પાણીની વ્યવસ્થા કરવામાં નહીં આવે, તો આગામી દિવસોમાં પાલિકા સામે ઉગ્ર આંદોલન છેડવામાં આવશે.

# કોસંબામાં પ્લોટ કૌભાંડ, નકલી NA હુકમ બનાવી લાખોની છેતરપિંડી

**વર્ષ**-1983માં ટીડીઓએ જે NA અરજી નામંજૂર કરી હતી, તેમાં છેડછાડ કરી કાવતરું ઘડ્યું

હથોડા: કોસંબામાં પ્લોટ લેનાર ગ્રાહક સાથે વેચાણ કરનારાઓએ એકબીજાના મેળાપીપણામાં છેતરપિંડી અને વિશ્વાસઘાત આચર્યો હોવાની ફરિયાદ કોસંબા પોલીસમાં નોંધાઈ છે. અમદાવાદના કાલુપુર ખાતે રહેતા મકદુમ મહંમદ યુનુસ મર્ચન્ટે યુસુફભાઈ ગુલામ મોહમ્મદ મોતાલા તથા બે મરણ જનાર વ્યક્તિ સહિત કુલ ત્રણ સામે ફરિયાદ નોંધાવી છે.

ઘટનાની વિગત મુજબ કોસંબા ગામના સરવે નં.16 તથા સિટી સરવે નં.1126 વાળી મિલકતને ખેતીમાંથી બિનખેતી (NA) કરવા માટે વર્ષ-1983માં અરજી કરવામાં આવી હતી, જે તાલુકા વિકાસ અધિકારીએ નામંજૂર કરી હતી. આમ છતાં, આરોપીઓએ એકબીજાની મદદગારીથી આ નામંજૂર થયેલા હુકમમાં ફેરફાર કરી બનાવટી NA હુકમ તૈયાર કર્યો હતો. આ નકલી હુકમને તાલુકા પંચાયતની કારોબારી સમિતિમાં રજૂ કરી કુલ 78 પ્લોટની ખરા તરીકે નોંધ કરાવી હતી. કોઈપણ સક્ષમ અધિકારીના એપ્રુવલ કે સહી-સિક્કા વગરનો બનાવટી નકશો તૈયાર કરી, આરોપી યુસુફ મોતાલાએ પ્લાન નામંજૂર હોવાનું જાણવા છતાં મકદુમભાઈને પ્લાન મંજૂર હોવાનું જણાવી પ્લોટનો વેચાણ દસ્તાવેજ કરી આપ્યો હતો. વર્ષ 1983થી અલગ-અલગ પાર્ટીઓને આ રીતે પ્લોટ વેચી વિશ્વાસઘાત કરવામાં આવ્યો હોવાની હકીકત બહાર આવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## બાબેનમાં અકસ્માતમાં એકનું મોત

બારડોલી: બાબેનની ઓમ રેસીડેન્સીમાં રહેતા વરુણ વામન પવાર (ઉં.વ. ૨૨) અને કલ્પેશ દગડુ સોનવણે (ઉં.વ. ૨૫) પોતાની મોટરસાયકલ (GJ 19 H 5614) પર સવાર થઈ બાબેન તળાવ ખાતે આયોજિત કાર્યક્રમમાં જઈ રહ્યા હતા. આ દરમિયાન બાબેન પેટ્રોલ પંપ પાસે એક અજાણી અર્ટિગા કારે તેમની બાઇકને ટક્કર મારતા બાઇક સ્લિપ થઈ ગઈ હતી અને આગળ ચાલતા બળદગાડા સાથે જોરદાર અથડાઈ હતી. આ બનાવમાં ઘાયલ વરુણ પવારનું સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું. કલ્પેશ હાલ હોસ્પિટલમાં સારવાર હેઠળ છે. પોતાના સાથી કાર્યકર્તાના આકસ્મિક નિધનના સમાચાર મળતા જ 'શિવાજી રાજે ગ્રુપ' દ્વારા શોભાયાત્રાનો કાર્યક્રમ મોકૂફ રાખવાની જાહેરાત કરવામાં આવી હતી.

## વાંકાનેડામાં અસામાજિક તત્ત્વોનો આતંક: ચાર કાર સળગાવી ફરાર

પલસાણા: પલસાણાના વાંકાનેડા ગામના હળપતિવાસમાં બુધવારની મધરાત્રે અસામાજિક તત્ત્વોએ ભારે આતંક મચાવ્યો હતો. લિસ્ટેડ બુટલેગર પ્રવીણ વાંસફોડિયાના ઘર પાસે પાર્ક કરેલી ચાર મોંઘીદાટ લક્ઝરી કાર પર જ્વલનશીલ પદાર્થ છાંટી સળગાવી દેવાઈ હતી. આ મામલે કડોદરા જીઆઈડીસી પોલીસ મથકે સલમાન નામના શખ્સ સહિત અન્ય પાંચ શખ્સ વિરુદ્ધ ફરિયાદ નોંધાઈ છે.

ગત 18મી ફેબ્રુઆરીના રોજ પ્રવીણની પત્ની દિવ્યાબેન અને તેમની બહેન શીતલ પાડોશમાં સંબંધીના અવસાનને કારણે ત્યાં રોકાયાં હતાં. 19મી ફેબ્રુઆરીની મધરાત્રે આશરે 3:11 વાગ્યે ફળિયાના રહીશનો ફોન આવતા જાણવા મળ્યું કે તેમની ઈનોવા અને સ્કોર્પિયો કાર સળગી રહી છે. દિવ્યાબેન અને શીતલ તાત્કાલિક ઘટના સ્થળે પહોંચ્યા ત્યારે ફોર્ચ્યુનર અને સિયારા કાર પણ આગની લપેટમાં જોવા મળી હતી. સ્થાનિકો અને સરપંચની જાણકારી બાદ ફાયર બ્રિગેડની ટીમે સ્થળ પર પહોંચી આગ પર કાબૂ મેળવ્યો હતો. સીસીટીવી ફૂટેજમાં ભાંડો ફૂટ્યો હતો. પોલીસે આ ગુનામાં સંડોવાયેલા તમામ છ આરોપીઓની ધરપકડ કરવા માટેના ચક્રો ગતિમાન કર્યા છે.

### ઝરણી ગામે પશુપાલકના ઘરમાં ભીષણ આગ, લાખોનું નુકસાન

વાંકલ: માંગરોળના ઝરણી ગામે પંચાયત ભવન પાછળ રહેતા પશુપાલક નરસિંહભાઈ ચૌધરીના બંધ મકાનમાં અચાનક આગ ફાટી નીકળી હતી. આગમાં ઘરવખરી, ઇલેક્ટ્રોનિક સામાન અને પશુ આહાર બળીને ખાખ થતાં અંદાજે 1.50 લાખથી વધુનું નુકસાન થયું છે. માંડવી અને નાની નરોલીના ફાયર ફાઇટરોએ ભારે જહેમત બાદ આગ પર કાબૂ મેળવ્યો હતો. સદનસીબે કોઈ જાનહાનિ થઈ નથી, પરંતુ આગ લાગવાનું કારણ હજુ અકબંધ છે.

# પતિ-પત્ની વચ્ચે ઝઘડો થયો તો ખબર પડી પત્ની 14 વર્ષની છે!

**અંકલેશ્વર** રહેવા ગયેલી સગીરા ભરૂચ પોલીસ મથકે પહોંચતાં ભાંડો ફૂટ્યો

**યુવક**-વાલીઓ સહિત 5 સામે પોલીસ ફરિયાદ નોંધાઈ

**લગ્નના** ફેરા વખતે જ યુવકને ખેંચ આવતાં ચપ્પલ સુંઘાડી ભાનમાં લવાયો હતો

ભરૂચ: ભરૂચના દાંડિયા બજાર વિસ્તારમાં આવેલી એક વાડીમાં ૧૪ વર્ષની સગીરાના બાળ લગ્ન કરાવવાનો ચોંકાવનારો કિસ્સો પ્રકાશમાં આવતા એ-ડિવિઝન પોલીસ મથકમાં ગુનો દાખલ કરવામાં આવ્યો છે. આ ઘટના વાડી, હોલ અને પાર્ટી પ્લોટના સંચાલકો માટે પણ લાલબત્તી સમાન છે.

ગત ૨૩ નવેમ્બર ૨૦૨૫ના રોજ નવસારીની સગીરા અને અંકલેશ્વરના યુવક મેહુલ ગોળકિયાનાં લગ્ન ભરૂચમાં ધામધૂમથી યોજાયાં હતાં. લગ્ન બાદ આ દંપતી અંકલેશ્વર ખાતે રહેવા ગયું હતું, પરંતુ છેલ્લા ત્રણ મહિનાથી ચાલતા અણબનાવ અને પતિના ત્રાસથી કંટાળીને જ્યારે પત્ની પોલીસ મથકે પહોંચી, ત્યારે તપાસમાં ઘટસ્ફોટ થયો કે પરિણીતાની ઉંમર માત્ર ૧૪ વર્ષ જ છે. સગીરાની ઉંમરનો ભાંડો ફૂટતા પોલીસે તપાસનો દોર ભરૂચ સુધી લંબાવ્યો હતો. આ પ્રકરણમાં પોલીસે બાળ લગ્ન પ્રતિબંધક અધિનિયમ મુજબ નવસારીનાં શ્યામ અંબુભાઈ, ભાવનાબેન બુટીયા, કવિતાબેન બુટીયા તેમજ અંકલેશ્વરના મેરુભાઈ ગોળકિયા અને વરરાજા મેહુલ ગોળકિયા સામે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી શરૂ કરી છે. બીજી તરફ, લગ્ન માટે વાડી ભાડે આપનાર સંચાલકોએ વર-કન્યા કે તેમનાં માતા-પિતાના આધારકાર્ડ જેવા કોઈ પુરાવા લીધા ન હોવાથી પોલીસે તેમને પણ પૂછપરછ માટે બોલાવ્યાં હતાં.

### વાડીની દીવાલો પર સૂચના બોર્ડ લાગ્યાં

પોલીસની કડકાઈ બાદ સફાળા જાગેલા વાડી સંચાલકોએ હવે પોતાની વાડીની દીવાલો પર મોટા અક્ષરે જાહેર સૂચનાઓ લગાવી દીધી છે. જેમાં સ્પષ્ટ લખવામાં આવ્યું છે કે વાડી ભાડે રાખતા પહેલા છોકરા-છોકરીના આધારકાર્ડ ફરજિયાત આપવાના રહેશે. જો નાની ઉંમરમાં લગ્ન કરાવવા બાબતે કોઈ ફરિયાદ થશે તો તેની સંપૂર્ણ જવાબદારી વાલીઓની રહેશે અને સંચાલકોની કોઈ જવાબદારી રહેશે નહીં. આ કિસ્સો સમગ્ર ભરૂચ જિલ્લાના લગ્ન સ્થળના સંચાલકો માટે મોટી ચેતવણી બની ગયો છે.



## જનતા સાર્વ. કેળવણી મંડળની CBSE શાળાનું ખાતમુહૂર્ત

બારડોલી: શિક્ષણ ક્ષેત્રે અગ્રેસર રહેલી બારડોલીની પ્રતિષ્ઠિત સંસ્થા 'જનતા સાર્વજનિક કેળવણી મંડળ' દ્વારા એક મહત્ત્વકાંક્ષી સોપાન સર કરવામાં આવ્યું છે. સંસ્થા સંચાલિત પારસ ઈંગ્લિશ મીડિયમ અને કિશોર એક્સેલન્સી સ્કૂલ (સીબીએસસી) સંકુલના નવા ભવનના બાંધકામની ખાતમુહૂર્ત વિધિ ગુરુવારના રોજ તેન કેનાલ રોડ પર સંપન્ન થઈ હતી. આ માંગલિક પ્રસંગે સહકારી ક્ષેત્રના અગ્રણી ભીખાભાઈ ઝવેરભાઈ પટેલે અધ્યક્ષ સ્થાન શોભાવ્યું હતું. નવા શૈક્ષણિક સંકુલના નિર્માણ માટે ઉદાર હાથે દાન આપનાર દાતાઓ સર્વ પરસોત્તમભાઈ પટેલ, સવિતાબેન પટેલ, મહેન્દ્રભાઈ પટેલ, મીનાબેન પટેલ, રાજેન્દ્રભાઈ કુમાર શાહ અને લલિતાબેન શાહના હસ્તે શાસ્ત્રોક્ત વિધિ દ્વારા ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. બારડોલી સુગર ફેક્ટરીના ઉપપ્રમુખ ભાવેશ પટેલે જણાવ્યું હતું કે બારડોલી એ દાનવીરોની પવિત્ર ભૂમિ છે, જ્યાં શિક્ષણ જેવા ઉમદા કાર્ય માટે દાનનો પ્રવાહ હંમેશાં વહેતો રહે છે. આ પ્રસંગે સંસ્થાના પ્રમુખ પરેશ દિવેચા, ખજાનચી સંજય પટેલ, ભાવેશ પટેલ, મંત્રી રાજેશભાઈ પટેલ સહિત અગ્રણીઓ હાજર રહ્યા હતા.

## અંકલેશ્વરમાં ટ્રિપલ તલાકની ફરિયાદ

અંકલેશ્વર: અંકલેશ્વર શહેરના નજીકના ગામમાં રહેતી પરિણીતાએ ઓલપાડ રહેતા અને શેરડી ગામમાં શિક્ષક તરીકે ફરજ બજાવતા તેના પતિ ઈરફાન હુસેન સિકંદર શેખ વિરુદ્ધ ટ્રિપલ તલાક બાબતે અંકલેશ્વર શહેર એ-ડિવિઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી. પીડિતાનો આક્ષેપ છે કે પતિ તેના ચારિત્ર્ય પર શંકા કરી માનસિક-શારીરિક ત્રાસ આપતો હતો. સમાધાનના પ્રયાસો દરમિયાન, પતિએ બધાની હાજરીમાં ત્રણ વાર તલાક બોલી સંબંધ તોડી નાંખ્યો હતો. પરિણીતાને બે સંતાન છે.


Milano MULTIPLEX

બારડોલી

Shatak:Sangh Ke 100 Varash
12:00pm, 03:00pm, 06:00pm, 09:00pm

Do Deewane Seher Mein
10:00am, 04:00pm

Assi - 01:00pm, 10:00pm

Behadd-Gujarati
02:30pm, 07:00pm

O' Romeo
11:00am, 05:00pm, 09:30pm

Ph:- 02622-230068

*Movie schedule and timings are subject to change without any prior notice

સંપર્ક: 98791 33333


# શો-રૂમમાં રહેલી કારનો મેમો ફાડનાર વિરુદ્ધ આઈજીને રજૂઆત

**દોઢ** મહિના પહેલા બનેલી ઘટના બાબતે પોલીસ કર્મચારી સામે હજુ કાર્યવાહી થઈ નથી



હથોડા: હથોડા ગામના એક યુવાન યુસુફ સરદારની ઈકો કાર શો-રૂમમાં હોવા છતાં, દોઢ મહિના પહેલાં કીમ ચાર રસ્તા પાસે ફરજ બજાવતા જમાદાર નિલેશ અશોક શિમ્પીએ ડરાવી-ધમકાવીને મેમો પધરાવી દીધો હતો. આ મામલે પીડિત યુવાને ન્યાય માટે છેક આઈજી રેન્જ અધિકારી સુધી લેખિત રજૂઆત કરવાની ફરજ પડી છે.

પીડિતે સુરત જિલ્લા પોલીસ વડાને લેખિત ફરિયાદ કરતા તપાસ પાલોદ પોલીસ ચોકીના પીએસઆઈને સોંપાઈ હતી. તપાસ પૂર્ણ થયાના ૨૫ દિવસ બાદ પણ કોઈ નક્કર કાર્યવાહી કરાઈ નથી. જ્યારે યુવાન કોસંબા પોલીસ મથકે તપાસનો રિપોર્ટ લેવા ગયો, ત્યારે પીઆઈ ખાચરે જણાવ્યું કે, રિપોર્ટ ટપાલ દ્વારા મોકલી અપાયો છે, પરંતુ આજદિન સુધી યુવાનને તે મળ્યો નથી.

જિલ્લા પોલીસ વડાને રૂબરૂ મળતા જાણવા મળ્યું કે, તપાસ હવે કામરેજ DYSPને સોંપાઈ છે. ગત ૩૦ જાન્યુઆરીના રોજ યુવાને DYSP સમક્ષ પોતાનું નિવેદન પણ નોંધાવ્યું હતું. છતાં, પોલીસ કર્મચારીની ઉઘાડી બેદરકારી દેખાઈ રહી હોવા છતાં તંત્ર દ્વારા ન્યાય આપવામાં વિલંબ થઈ રહ્યો છે.

ભોગ બનનાર યુસુફ સરદારે આક્રોશ સાથે જણાવ્યું કે, બધા જ પુરાવા અને નિવેદનો છતાં જિલ્લા પોલીસ વડા ન્યાય અપાવવામાં નિષ્ફળ રહ્યા છે. સવાલ એ ઊભો થાય છે કે જ્યારે ગાડી શો-રૂમમાં હતી, તો મેમો કઈ રીતે ફાટ્યો? શું પોલીસ તંત્ર પોતાના કર્મચારીના ગુના પર પડદો પાડી રહ્યું છે? હાલ આ મામલો સમગ્ર પંથકમાં ચર્ચાનો વિષય બન્યો છે.

## કીમમાં વ્યાજખોરી મામલે ફરિયાદ

કીમ: કીમ પોલીસ મથકે વ્યાજખોરી અને ધમકી અંગે ગંભીર ગુનો નોંધાયો છે. સોંડામીઠા ગામના લીમડા ફળિયામાં રહેતા જયપાલસિંહ ઠાકુરની ફરિયાદ મુજબ કીમની શુભમ સોસાયટીમાં રહેતા જિગ્નેશ નટવરભાઈ પરમારે લાઈસન્સ વગર ઊંચા વ્યાજે નાણાં આપી મારી ગાડી ગીરવે રાખી લીધી હતી. ફરિયાદમાં આક્ષેપ છે કે નવેમ્બર-૨૦૨૪થી અત્યાર સુધીમાં વ્યાજની વસૂલાત બાદ પણ આરોપીએ ગાડી પરત ન કરી, ગાળાગાળી કરી જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી. પોલીસે વિવિધ કલમો હેઠળ ગુનો નોંધી વડોલી પાટિયા પાસે બનેલી આ ઘટના અંગે વધુ તપાસ હાથ ધરી છે.

### જાહેર નોટીસ - કૌશિક જાદવ, GAS સબ-ડિવીઝનલ મેજીસ્ટ્રેટ માંડવીની કોર્ટમાં, મુ.માંડવી

નં.જન્મ-મરણ/અપીલ નં.૫૪/૨૦૨૬
તા.૦૯/૦૨/૨૦૨૬

વાદી :- રેવાબેન સુકાભાઈ પટેલ, રહે.મુ.પો.માંડવી, બરોડીયાવાડ, તા.માંડવી, જી.સુરત-૩૯૪૧૬૦.

વિરૂધ્ધ

પ્રતિવાદી :- જન્મ મરણ રજીસ્ટ્રાર અને તલાટી કમ મંત્રીશ્રી ગામતળાવ બુજરંગ ગ્રા.પં., તા.માંડવી, જી. સુરત. - ૩૯૪૧૬૩

વિષય:- જન્મ મરણ અધિનિયમ - ૧૯૬૯ ની કલમ ૧૩(૩) અન્વયે જન્મની નોંધણી બાબત.

આથી આ જાહેર નોટીશથી લાગતા વળગતા તમામ ઈસમોને જણાવવામાં આવે છે કે અરજદારશ્રી રેવાબેન સુકાભાઈ પટેલ, રહે.મુ.પો. માંડવી, બરોડીયાવાડ, તા.માંડવી, જી.સુરત-૩૯૪૧૬૦એ તેઓના પુત્રી શારદાબેન સુકાભાઈ પટેલનાં જન્મની નોંધણી જે તે વખતે કરાવવાની રહી ગયેલી છે. જેની નીચેની વિગતે નોંધણી કરવા સામાવાળાને આદેશ કરવા માટેની અરજી અત્રેની કોર્ટમાં આવેલ છે. ૧. નોંધણી કરાવવાની છે તેનું નામ: શારદાબેન સુકાભાઈ પટેલ ૨. જન્મ તારીખ: ૦૧/૧૦/૧૯૮૦ ૩. જન્મનું સ્થળ: મોજે.ગામતળાવ બુજરંગ, તા.માંડવી, જી.સુરત

સબબ, ઉપરોક્ત વિગતે શારદાબેન સુકાભાઈ પટેલના જન્મની નોંધણી કરવા સામાવાળાને અત્રેથી હુકમ કરવા સામે કોઈ ઈસમને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં દિન-૩૦માં અથવા આ કામની સુનાવણી તા.૧૨/૦૩/૨૦૨૬ના રોજ વાંધો રજૂ કરવો. જો વાંધો રજૂ કરવામાં નહીં આવે તો કોઈને વાંધો નથી એમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેવી.

આજ તા.૦૯/૦૨/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો

હુકમથી (કૌશિક જાદવ)
સબ-ડિવીઝનલ મેજીસ્ટ્રેટ, માંડવી પ્રાંત, જિ.સુરત

### સુરત જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિ સુરત સંચાલિત ઉચ્ચતર પ્રાથમિક શાળા મોલવણ

તા. માંગરોળ, જિ. સુરત

શાળા ડાયસ કોડ: 24220609301 Mo. 7990209929

**જાહેર હરાજી નોટિસ**

આથી રસ ધરાવતા ઈસમોને જણાવવાનું કે જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિ સંચાલિત ઉ.પ્રા. શાળા મોલવણનો ૧ (એક) જર્જરિત ઓરડો તોડવા માટેની જાહેર હરાજી તા. ૨/૦૩/૨૦૨૬ને સોમવારના રોજ રાખવામાં આવેલ છે. હરાજીમાં ભાગ લેનારે ડીપોઝીટ પેટે રાષ્ટ્રીયકૃત બેંકનો ડિમાન્ડ ડ્રાફ્ટ અને આઈ.ડી. પ્રુફ નકલ હરાજી પહેલા જમા કરાવવાની રહેશે.

- પ્રા.શા. મોલવણ
- જર્જરિત ઓરડા એક (૧)
- હરાજી ફી ૩૦૦/- રૂપિયા (નોન રીફંડેબલ)
- ડીપોઝીટ ૫૦૦૦/-
- સ્કુલ મેનેજમેન્ટ કમિટિ (એજ્યુકેશન) પ્રા.શા. મોલવણના નામનો રાષ્ટ્રીયકૃત બેંકનો ડીમાન્ડ ડ્રાફ્ટ
- સ્થળ પ્રા. શાળા મોલવણ તા. માંગરોળ જિ. સુરત
- સમય ૧૨:૩૦ કલાકે
- હરાજીની શરતો સ્થળઉપર વાંચી સાંભળવામાં આવશે.
- હરાજી અંગે તમામ સત્તા એમ.એસ.સી. મોલવણની અબાધિત રહેશે.

### પાસપોર્ટ ખોવાયો છે.

પલસાણા થી ઘલુડા ગામ તરફ આવતા રસ્તા માં એક થેલી ગૂમ થયેલ છે જેમાં અન્ય ડોક્યુમેન્ટ સાથે મુકવામાં આવેલ નિર્ભય હેમાંશુભાઈ ભક્તા નો **પાસપોર્ટ નંબર B 6136872** પણ ગૂમ થયેલ છે જો કોઈ વ્યક્તિ ને આ નંબર અને નામ વાળો પાસપોર્ટ મળે તો **9879410519** ઉપર સંપર્ક કરવો યોગ્ય બદલો આપવામાં આવશે.

### મોજે-પારડી-ઈદ્રીસ,તા.અંકલેશ્વર,જી.ભરૂચની નીચે પરિશિષ્ટમાં જણાવેલ ખેતીની જમીનની વેચાણ અંગેની જાહેર નોટીસ

આથી લાગતા વળગતા તમામને જણાવવાનું કે, **ડીસ્ટ્રીકટ ભરૂચ, સબ ડીસ્ટ્રીકટ અંકલેશ્વરના મોજે ગામ-પારડી-ઈદ્રીસ** ની નીચે પરિશિષ્ટમાં જણાવેલ જુની શરતની સ્વતંત્ર માલીકી કબજા,ભોગવટા હેઠળની ચોખ્ખા ટાઈટલ અને માર્કેટેબલ વાળી **ખેતીની જમીન હાલના કબ્જેદાર જશુબેન રામજીભાઈ ડાહ્યાભાઈ ની વિધવા વિગેરે** નાઓ છે.

:: પરિશિષ્ટ જમીનની વિગત ::

| ક્રમ | ગામ | ખાતા નં. | સર્વે નં. | ક્ષેત્રફળ હે.આરે.ચોમી. | આકાર જુડી રૂ.પૈ. |
|---|---|---|---|---|---|
| ૧ | પારડી-ઈદ્રીસ | ૫૨૧ | ૩૬૩ | ૧-૬૮-૫૫ પૈકી દક્ષીણ દિશા તરફ નો ૦૦-૮૧-૦૦ ભાગ | ૧૦.૮૦ |

ઉપરોકત જણાવેલ ખેતીની જમીનના માલિકોએ અમારા અસીલ ને (ખરીદનાર) ઉપરોકત જમીનનું ટાઈટલ ચોખ્ખુ છે તેમ જણાવી વેચાણ આપવાનુ નકકી કર્યુ છે. તેથી સદરહુ જમીનમાં કોઈપણ વ્યકિત કે સંસ્થાનો કોઈપણ પ્રકારે હકક,હિસ્સો,હિતસંબધ કે અધિકાર હોય કે કોઈનો ભરણ-પોષણ કે આજીવન રહેવાનો કે ઈઝમેન્ટનો હકક કે ગણોતનો હકક હોય તો તેઓએ આ નોટીસ **પ્રસિધ્ધ થયાની તારીખથી દિન-૭ (સાત) દિવસ મા** અમોને પુરાવા સહિત લેખીતમાં જાણ કરવી. જો તેમ કરવામાં કસુર થશે તો આ નોટીસની મુદત વિત્યે, અમારા અસીલ આ જમીનનું ટાઈટલ કલીયર અને ચોખ્ખુ- માર્કેટેબલ છે. તેમ જાણી આ જમીનનો રજીસ્ટ્રર દસ્તાવેજ લખાવી લેશે. ત્યારબાદ, ભવિષ્યમાં કોઈની કોઈ તકરાર કે હકક દાવો ચાલશે નહિ. જેની ખાસ લેવી.

ઓફિસ : ૩૨/૩૩, માર્કેટીંગ યાર્ડ, ક્રિષ્ણા સ્વીટની ઉપર ત્રણ રસ્તા, સ્ટેશન રોડ, અંકલેશ્વર-૦૧ જી.ભરૂચ મો.નં. ૯૮૨૫૪૯૬૭૬૩

જયસિંહ એ. પટેલ
(એડવોકેટ)
તે ખરીદનારના એડવોકેટ